આજે હોમિયોપેથીના શોધક ડો. સેમ્યુઅલ હેનેમનની જન્મજયંતિ ઉજવાશે

## @ગાંધીનગર

● શકિત મંડળ દ્વારા સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન સિધ્ધેશ્વરી મંદિર સે-૨૫ ખાતે આનંદનો ગરબો યોજાશે.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે સાંજે ૫.૩૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, સે-૧૨ ખાતે 'ડૉ. આંબેડકર : સાઈમન કમિશનની સાથે' વિષય ઉપર ચિંતક ભરતભાઈ દેસાઈ વકતવ્ય આપશે.

● ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા સવારે ૯.૦૦ કલાકે સે-૧૩, ચાણકયભવન ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ ખાતે મંડળનો દ્વિવાર્ષિક અધિવેશન અને ૭૦ વર્ષના વયસ્કોના સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાશે.

● ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર દ્વારા બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન સે-૨૩, કડી સર્વ વિદ્યાલય સંકુલના ખીમજી વિસરામ એન્ડ સન્સ હોલ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના સમગ્ર જીવન વૃતાંત આધારિત 'જય ભીમ કોમરેડ' ફિલ્મ વિના મૂલ્યે પ્રદર્શિત કરવામાં આવશે.

● કલોલ તાલુકાના હાજીપુર સ્થિત મંથન અપંગ કન્યા સેવા સંકુલ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે મૂકબધિર નવદંપતી પ્રભુતામાં પગલા માંડશે.

● એપલ ઈંગ્લીશ સ્કૂલ દ્વારા સવારે ૮.૩૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવ યોજાશે.

# સેકટરોમાં રખડતા ઢોરના ત્રાસથી રહીશો ત્રાહીમામ

**કુતરા પકડવાનુ અભિયાન બંધ કરી દીધુ છે : મહાનગરપાલિકા : સેકટરોના કોમન પ્લોટ જંગલ ખાતાની જમીન પર રખડતા ઢોરનો અડ્ડો : કોર્પોરેશને હાથ ઉંચા કરતા કલેકટરને રજુઆત**

ગાંધીનગર તા ૯

શહેરમાં રખડતા ઢોરની સમસ્યાનુ દાયકાઓના અંતે પણ નિરાકરણ આવ્યુ નથી. સેકટરોમાં રખડતા ઢોર અને કુતરાઓના ત્રાસથી સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે. મહાનગરપાલિકા પણ નાગરિકોને કુતરાના ત્રાસથી મુકત કરાવવા માટે લાચારી દાખવતા નગરજનોમાં આઘાતની લાગણી વ્યાપી છે. આ મામલે શહેર વિકાસ પરિષદ દ્વારા કલેકટરને રજુઆત કરવામાં આવી છે.

શહેરમાં રખડતા ઢોરને પકડવા માટે કોઈ વ્યવસ્થા ન ગોઠવાતા સ્માર્ટ સિટી બનાવવાની સોહામણી વાતો વચ્ચે સેકટરો જાણે ઢોરવાડામાં ફેરવાયા હોવાની સ્થિતિ સર્જાઈ છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં રખડતા ઢોર નજરે પડે છે. જેના લીધે ગંદકી સહીતની અનેક સમસ્યાઓ ઉદભવે છે. સેકટરોના કોમન પ્લોટ તેમજ જંગલ ખાતાની જમીન પર રખડતા ઢોરનો અડ્ડો જોવા મળે છે. રખડતા ઢોરની સાથે સેકટરોમાં કુતરાઓનો ત્રાસ પણ વધી ગયો છે. જેના લીધે રહીશો ડોગ બાઈટનો ભોગ બની રહયા છે. શહેર વિકાસ પરિષદ દ્વારા અગાઉ આ મામલે મહાનગરપાલિકાને રજુઆત કરવામાં આવી હતી વિકાસ પરિષદના જે જી ભટ્ટના જણાંવ્યા મુજબ જાગૃત નાગરિકોની રજુઆત સામે કોર્પોરેશન દ્વારા કુતરા પકડવાનુ અભિયાન બંધ કરી દેવાયુ હોવાનો આઘાતજનક જવાબ આપવામાં આવ્યો હતો. ત્યારે શહેરમાં રખડતા ઢોરની સમસ્યા હલ કરવા માટે ગોપાલક વસાહત ઉભી કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી હોવાનુ તેમણે જણાંવ્યુ છે. શહેરના સે-૧૯ અને ૨૦માં પણ પાલતુ કુતરાઓ છુટા મુકી દેવાતા અનેકવાર રાહદારીઓને ગંભીર ઈજા પહોંચી હોવાના પણ અનેક કીસ્સા છે. આવા સંજોગોમાં શહેરમાં રખડતા ઢોર તેમજ કુતરાના ત્રાસમાંથી શહેરીજનોને મુકત કરાવવા અસરકારક પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સે-૧૪માં પણ રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો હોવાનો આક્રોશ સેકટરના રહીશ ગુલાબચંદ પટેલે વ્યકત કર્યો છે. રખડતા ઢોર હીસક બનતા નિર્દોષ નાગરિકાને ઈજા થતી હોવાના બનાવ પણ બનવા પામે છે. તેમ પણ તેમણે જણાંવ્યુ છે.





(તસવીર : કશ્યપ નિમાવત)

પૂ. મુકુંદ મહારાજની વ્યાસપીઠે શ્રી ભાગવત સપ્તાહનું આયોજન સેકટર-૨૬ કિસાનગનર ખાતે કરવામાં આવ્યું છે. ૧ એપ્રિલથી ૧૧ એપ્રિલ સુધી સાંજે ૪ થી ૭ દરમિયાન ભાવિકો આ કથા શ્રવણનો લાભ લઈ શકશે.

## શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સામૈયાનું આયોજન

ગાંધીનગર, તા.૯

ચૈત્ર માસની ઓળી માટે મોટા ગજાના સંઘોને પણ જેઓની નિશ્રા પ્રાપ્ત થવી દુષ્કર છે તેવા વૈરાગ્ય દેશના દક્ષ પ.પૂ. વરિષ્ઠ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ તેમજ તેમના શિલ્પરત્ન પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલ્યાણબોધીસુરીજી મહારાજે ગાંધીનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના પ્રબળ પુણ્યોદયે સંઘમાં ઓળી દરમિયાન નિશ્રા પ્રદાન કરવાની કૃપા કરી છે. આ ઉપરાંત પૂજય સાધ્વીજી વસંતપ્રભાશ્રીજી આદિઠાણા પણ પધારશે. આ પૂજયશ્રીઓના સામૈયાના કાર્યક્રમનું આગામી તા. ૧૨ એપ્રિલના રોજ સવારે ૭.૩૦ કલાકે આયોજન કરાયું છે. સામૈયા માટે સંઘના સર્વે ભાઈ-બહેનોને ચ-૭ સર્કલે હાજર રહેવા જણાવાયું છે તેમજ ઉપાશ્રયમાં સવારે ૮.૦૦ કલાકે પ્રવેશ તથા વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## વચગાળાનાં જામીન પરથી ફરાર થયેલો હત્યારો પકડાયો

**કલોલ શહેર વિસ્તારમાં હત્યા કરનાર શખ્સને આજીવન કેદની સજા થઈ હતી : સમયમર્યાદાના ચાર મહિના વીતી ગયા બાદ પણ આરોપી હાજર થયો ન હતો**

ગાંધીનગર, તા.૯



કલોલ શહેર વિસ્તારમાં વર્ષ ૨૦૧૨માં હત્યા કરી સેન્ટ્રલ જેલમાં ગયેલા હત્યારાને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. વચગાળાના જામીન મેળવીને તે સવા વર્ષ પહેલા જેલમાંથી બહાર આવ્યો હતો. સમયમર્યાદાના ચાર મહીના વીતી ગયા બાદ પણ હત્યારો હાજર થયો ન હતો અને જામીનઉપરથી ફરાર થઈ ગયો હતો. આ હત્યારા આરોપીને એલસીબીની ટીમે શોધી કાઢી તેની ધરપકડ કરી સેન્ટ્રલ જેલ હવાલે કર્યો છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની એબસ્કોન્ડર સ્કવોર્ડે પેરોલ-ફલો જમ્પ કેદી/આરોપીઓને પકડી પાડવા સક્રિય થઈ છે ત્યારે આજે સ્કવોર્ડ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ઘ-૭ સર્કલ પાસે વચગાળાના જામીન પર જમ્પ કરેલો પાકા કામનો હત્યાનો આરોપી ફરી રહ્યો છે જેને આધારે કલોલના જીલુ બોથા દંતાણી નામના શખ્સને પકડી પાડયો હતો. જીલુ દંતાણી સામે વર્ષ ૨૦૧૨માં હત્યાનો ગુનો નોંધાયો હતો અને આજીવન કેદની સજા સાબરમતી સેન્ટ્રલ જેલમાં કાપતો હતો. ૨૧ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ વચગાળાના જામીન ઉપર રૂ. ૫ હજારના પર્સનલ બોન્ડ ઉપર તે છુટયો હતો અને ૨૨ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ હાજર થવાનું હતું. સમયમર્યાદાને ચાર માસ નીકળી ગયા છતા તે હાજર થયો ન હતો. આ આરોપીની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરીને સેન્ટ્રલ જેલ મોકલી આપવામાં આવ્યો છે.

## આજે હોમિયોપેથીના શોધક ડૉ. સેમ્યુઅલ હેનેમનની જન્મજયંતિ ઉજવાશે

**વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ હોમિયોપેથી એ એલોપથી પછીની બીજા નંબરની પ્રચલિત ચિકિત્સા પધ્ધતિ : ૮૦થી વધારે દેશોમાં હોમિયોપેથીને માન્યતા પ્રાપ્ત**

ગાંધીનગર, તા.૯

આજના યુગમાં એલોપથી, આયુર્વેદ સાથે હોમિયોપેથીનો પણ એક પ્રચલિત ચિકિત્સા પધ્ધતિ તરીકે સ્વીકાર થઈ રહ્યો છે. હોમિયોપેથીની શોધ કરનાર જર્મનીના ડૉ. ક્રિશ્ચિયન ફેડરિક સેમ્યુઅલ હેનેમનની તા. ૧૦મી એપ્રિલે વિશ્વભરમાં જન્મજયંતિ ઉજવાશે. 'ઝેરનું મારણ ઝેર' કે 'લોઢાને લોઢું કાપે' જેવી થીયરી પર વિકસેલ આ ચિકિત્સા પધ્ધતિ ધીમે ધીમે ભારતમાં પણ સારી એવી લોકપ્રિય થવા પામી છે.

હોમિયોપેથીના શોધક ડૉ. સેમ્યુઅલ હેનેમનનો જન્મ ઈ.સ. ૧૭૫૫માં જર્મનીના નાનકડા શહેરમાં થયો હતો. તેમણે શોધેલ હોમિયોપેથી આજે વિશ્વમાં ૮૦થી વધુ દેશોમાં પ્રમાણભૂત ચિકિત્સા પધ્ધતિ તરીકે સ્વીકારવામાં આવી છે અને વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ હોમિયોપેથી એ એલોપથી પછી બીજા નંબરની ઉપયોગમાં લેવાતી સારવાર છે. ડૉ. હેનેમન નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી હતા અને એમ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. પોતાની પ્રેકટીસ દરમિયાન તેમને એલોપથીની સારવારમાં પાયાની ખામી જોઈ અને તેમને અસંતોષ જાગ્યો હતો તેથી તેમણે ૧૭૯૩થી સંશોધન શરૂ કર્યું. છ વર્ષની મહેનતના અંતે તેઓએ 'ઝેરનું મારણ ઝેર' એવા પ્રાચીન સિધ્ધાંત આધારિત ચિકિત્સા પધ્ધતિ શોધી કાઢી. આ પધ્ધતિમાં દર્દીને જે લક્ષણો હોય તે જ લક્ષણવાળા પદાર્થ સુક્ષ્મ સ્વરૂપમાં આપવામાં આવે તો રોગ કુદરતી રીતે દૂર થાય છે. આ પધ્ધતિનો શરૂઆતમાં એટલો અસ્વીકાર થયો કે તેમને બહિષ્કારના ભોગ બની અપમાનિત કરાઈ દેશ નિકાલ સુધ્ધાં કરવામાં આવ્યા હતા. આમ છતાં ડૉ. સેમ્યુઅલ હેનેમન ડગ્યા નહી અને આજે વિશ્વમાં બીજા નંબરની સૌથી પ્રચલિત ચિકિત્સા પધ્ધતિના શોધક તરીકે ખ્યાતિ પામ્યા છે.

હોમ્યોપેથીમાં નાની, મીઠી, સફેદ ગોળીના સ્વરૂપમાં મળતી દવાઓ લેવામાં ખૂબ સરળ હોય છે. તેને માત્ર જીભ નીચે મુકી ચુસી જવાની હોય છે. પાણીની ઝંઝટ નથી અને સ્વાદમાં મીઠી હોવાથી બાળકોને પણ તે પ્રિય હોય છે. વળી આ ગોળીઓ કેટલી લીધી તેના કરતા કેટલી વાર લીધી તેનું મહત્વ હોય છે આથી એક સાથે માત્ર ૩-૪ ગોળી લો કે આખી ડબ્બી લઈ લો ડોઝ એક જ ગણાય છે. હોમિયોપેથી રોગને દબાવી દેવામાં કે કામચલાઉ રીતે રાહત આપવામાં નથી માનતી પરંતુ રોગનું મૂળ કારણ શોધી તેને કાયમી રીતે દૂર કરે છે અને રોગીનો સંપૂર્ણ પણે ઈલાજ કરે છે.



ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે એનડીઆરએફના સભ્યોને ૧૦૮ની ટીમે ડેમો આપ્યો હતો. જેમાં ઈમરજન્સી સમયે કેવી રીતે સાવચેતી રાખવી અને કેવી રીતે સલામતીના પગલા લેવા તેની માહિતી વિગતવાર સમજાવી હતી. ૧૦૮ની કામગીરીથી એનડીઆરએફના સભ્યોને વાકેફ કર્યા હતા. આ પ્રસંગે ૧૦૮ની ટીમના સભ્યો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)

**મહારાષ્ટ્રીય પરિવારોનું નવું વર્ષ ગુડી પડવો. આ દિવસે હિંદુ નવ વર્ષનો પ્રારંભ થાય છે. આ દિવસને પ્રતિપદા પણ કહેવાય છે. આ દિવસે જ પંચાગ તૈયાર થાય છે. ગુડી શબ્દનો અર્થ વિજય પતાકા થાય છે. ગાંધીનગરમાં વસતા મરાઠી પરિવારજનોએ પારંપરિક રીતે પૂજા-અર્ચના કરી ઉલ્લાસપૂર્વક ઉજવણી કરી હતી.**

## પ્રાંતિયામાં જુની અદાવતમાં રાત્રે એક યુવાનની ધોલાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલ પ્રાંતિયા ગામમાં પરબડીવાળા વાસમાં રહેતા સુરસંગજી શંકરજી ઠાકોર નામના યુવાન પર ગઈ રાત્રે જુની અદાવતમાં ગામના જ ચાર યુવનોએ હુમલો કર્યો હતો. સુરસંગજી પાસે જઈને ચાર શખ્સોએ કહ્યું કે અગાઉ તું રાજેશની સાથે હોસ્પિટલ કેમ ગયો હતો તેમ કહીને ચારેય શખ્સો ફરી વળ્યા હતા અને સુરસંગજીને ગડદાપાટુનો માર મારી ઢોર માર માર્યો હતો. આ મારામારી અંગે સુરસંગજીની ફરિયાદને આધારે ડભોડા પોલીસે મણા પુંજા ઠાકોર, બાલુ મણા ઠાકોર, નિકુંજ બાલુ ઠાકોર અને હિતેશ રમણ ઠાકોર મળીને ચારેય શખ્સો સામે ગુનો દાખલ કરીને પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● શહેરમાં મહાનગરપાલિકાની ચૂંટણીના ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોઈ તમામ પક્ષોના ઉમેદવારોએ ટેકેદારો સાથે વાજતે ગાજતે ફોર્મ ભરવા રેલીઓ કાઢતા ચૂંટણીનો માહોલ જામ્યો હતો. આ કારણે આજે ઢોલ નગારા વગાડનારા કલાકારોના 'ભાવ' આવી જતા ઘણાએ તેમને લેવા આવેલા કાર્યકરોને રીતસરના કગરાવ્યા હતા.

● કલેકટર ઓફિસે ચાલી રહેલ ચુંટણી પ્રક્રિયા દરમિયાન મુલાકાતે આવેલા ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની ગાડી મુખ્ય પોસ્ટ ઓફિસ વાળા રોડ પર મુકાયેલા બેરીકેડસના કારણે અટવાઈ હતી. અહીં સાહેબની સૂચનાથી ડ્રાયવરે હોર્ન વગાડયું પરંતુ બેરીકેડસ હટાવવા કોઈ પોલીસ કર્મી હાજર ન હોવાથી ત્યાં ઉભેલી પબ્લિકમાંથી સેવાભાવી નગરજનોએ મદદ કરી હતી.

● ચૂંટણીમાં ફોર્મ ભરવા આવતા ઉમેદવારો અને કાર્યકરો જે સુત્રો પોકારતા હતા તેના લીધે કયા પક્ષનો વરઘોડો આવી રહ્યો છે તે દૂરથી ખબર પડી જતી હતી. ભાજપી કાર્યકરો વંદે માતરમ અને ભારત માતા કી જય પોકારતા હતા તો કોંગ્રેસી કાર્યકરો વોટ ફોર કોંગ્રેસ અને કોંગ્રેસ જીંદબાદના સુત્રો પોકારતા હતા.

● પથિકાશ્રમથી ગ-૩ તરફના માર્ગે સિવિલ હોસ્પિટલ જવાના 'કટ' પાસે સાંજના સુમારે એક પૂરપાટ વેગે બાઈક હંકારી રહેલા લબરમૂછીયા યુવાને એક આધેડ મહિલાને ટકકર મારતા મહિલા પછડાઈને બેભાન થઈ જવા પામી હતી. અકસ્માત જોઈ એકઠા થયેલા ટોળાએ મહિલાને તુરંત સિવિલ હોસ્પિટલ સારવાર માટે મોકલી હતી અને બાકીનાએ પેલા યુવાનને 'મેથી પાક' ચખાડયો હતો.

● ચ-૩ સર્કલ પાસે અકસ્માતની સંખ્યાને ધ્યાનમાં રાખીને ટ્રાફિક આર્યલેન્ડની ડિઝાઈનમાં પ્રાયોગિક ધોરણો ફેરફાર કરાયો હતો. આ ટ્રાફિક આર્યલેન્ડને નવો કલર કરાઈ રહ્યો છે. તેથી આ ફેરફાર કાયમી કરાયો હોય તેવું ભાસી રહ્યું છે.

● વાવોલ ખાતે ચાલી રહેલ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ વીપીએલને સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. મોટી સંખ્યામાં યુવા ક્રિકેટ રસિયાઓ મેચ જોવા માટે મોડી રાત સુધી ભીડ જમાવે છે અને ખેલાડીઓને ચિચિયારીઓ-તાળીઓથી પ્રોત્સાહિત કરે છે.

# સાતોલીયું, ગલી ક્રિકેટ અને મોબાઈલ ગેમ સાથેનો અનોખો વિશ્વકપ

**વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજમાં સતત ૭મા વર્ષે 'વિશ્વકપ'નું આયોજન : પરંપરાગત રમતો સાથે મોબાઈલ ગેમ મીની મલેશિયા સાથે ૨૫ જેટલી રમતોનો સમાવેશ**







ગાંધીનગર, તા.૯

'રમત વિદ્યાર્થીઓને શારિરીક અને માનસિક બંને રીતે તંદુરસ્ત રાખે છે, એટલા માટે જ વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજમાં છેલ્લા ૭ વર્ષથી વિશ્વકપનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૮ થી ૧૦ એપ્રિલ દરમિયાન આ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે' તેવું વીજીઈસીના આચાર્યા ડૉ. આર.કે. ગજ્જરે જણાવ્યું હતું. આ રમતોત્સવમાં કબડ્ડી, સાતોલીયું, ગલી ક્રિકેટ અને મોબાઈલ ગેમ મીની મલેશિયા જેવી રમતોનો સમાવેશ કરાયો છે.

ચાંદખેડની વિશ્વકર્મા સરકારી એન્જિનીયરીંગ કોલેજ ખાતે દર વર્ષે વિવિધ રમતો જેમ કે ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટબોલ, વાલીબોલ, ખો-ખો, ગલી ક્રિકેટ, ચેસ અને કેરમ વગેરેને આવરી લેવાય છે. જુદી જુદી ૨૫ રમતોને આવરી લેવાતા આ રમતોત્સવ વિશ્વકપ-૨૦૧૬માં કોલેજના અલગ અલગ ડિપાર્ટમેન્ટ વચ્ચે જુદી જુદી રમતો માટે સ્પર્ધાઓ થાય છે અને દરેક રમતના વિજેતાઓને અંક પ્રાપ્ત થાય છે. સ્પર્ધાના અંતે તમામ રમતોના થઈને જે કુલ અંક મળ્યા હોય તેમાં જે ડિપાર્ટમેન્ટના અંક વધુ હોય તે વિભાગને વિશ્વકપ વિજેતા જાહેર કરવામાં આવે છે અને વિશ્વકપ ટ્રોફી અર્પણ કરવામાં આવે છે. આ વિશ્વકપ ૨૦૧૬માં પ્રો-કબડ્ડીથી પ્રેરિત થઈ પ્રથમવાર કબડ્ડીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે અને તેના નિયમો પ્રો-કબડ્ડી મુજબ જ રાખવામાં આવ્યા છે. કબડ્ડીના સમાવેશથી વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે.

માત્ર કબડ્ડી જ નહી પરંતુ આ વિશ્વકપ સ્પર્ધામાં શેરીઓમાં રમાતી બાળકોની પ્રિય રમત સાતોલીયુંનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલું જ નહી પરંતુ આજના યુગમાં બાળકો મોબાઈલ ગેમ્સના સૌથી વધુ ક્રેઝી હોય છે. આ ક્રેઝને ધ્યાનમાં રાખીને મોબાઈલ ગેમ 'મીની મલેશિયા' નો પણ સમાવેશ વિશ્વકપ ૨૦૧૬ રમતોત્સવમાં કરાયો છે. તમામ રમતોમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝે ઉત્સાહભેર મોટી સંખ્યામાં ભાગ લીધો છે.

## કર ચોરી કરીને અમેરિકા ભાગી ગયેલો વેપારી ૧૪ વર્ષે ઝડપાયો

ગાંધીનગર, તા.૯

કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૨માં વેચાણ વેરા અધિનિયમ ૧૯૭૦ની કલમ ૩૩, ૭૮ મુજબ એક વેપારી સામે ગુનો નોંધાયો હતો. કર ચોરીના આ ગુના બાદ વેપારી અમેરીકા ભાગી ગયો હતો. છેલ્લા ૧૪ વર્ષથી નાસતો ફરતો આ વોન્ટેડ આરોપી રાણીપ આવ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે રાણીપથી તેની ધરપકડ કરી લીધી છે. આરોપીની ધરપકડ કરીને કલોલ તાલુકા પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.

પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમના હેડ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ, ભૂપેન્દ્રસિંહ સહીતના સ્ટાફના માણસોએ નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી તબક્કાવાર એક પછી એક વોન્ટેડને પકડવા બાતમી મેળવી સક્રીયતાથી તેમને પકડી પાડવા કામગીરી કરી રહ્યા છે ત્યારે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૨થી વોન્ટેડ કર ચોરીના ગુનાનો આરોપી ભીખા જોઈતા પટેલ રાણીપ ખાતે હોવાની બાતમી મળતા રાણીપ ભકિતનગર સોસાયટી જઈ તેની ધરપકડ કરી લીધી છે. ૧૪ વર્ષથી વોન્ટેડ આરોપી ગુનો કર્યા બાદ અમેરીકા જતો રહ્યો હતો. એસઓજીની ટીમે તેની ધરપકડ કરી કલોલ તાલુકા પોલીસને સોંપી આપ્યો છે. વધુ કાર્યવાહી કલોલ તાલુકા પોલીસે આરંભી છે.

## ચિરવિદાય

- સ્વ. અરવિંદભાઈ જેઠાલાલ પંચાલ, ઉ.વ. ૫૦
- સ્વ. સતગુણાબેન ચંદુભાઈ પંચાલ, ઉ.વ. ૭૬
- સ્વ. ગાંડાજી મંગાજી ચૌહાણ, ઉ.વ. ૫૬
- સ્વ. મોહિનીબેન બંસીભાઈ મહેશ્વરી, ઉ.વ. ૬૦
- સ્વ. જશુભાઈ અમથાભાઈ વાળંદ, ઉ.વ. ૬૯